જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૦/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૧૨૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૧૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૫૬ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૨૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૮/૧૭**

**વાડજઃ** જીજ્ઞેશભાઈ લાલજીભાઈ ઠક્કર (રહે. અક્ષરશ્યામ ફ્લેટ અંબિકા ચાર રસ્તા રાણીપ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૦/૧૭ રાતના ૮/૪૫ થી તા.૨૦/૧૦/૧૭ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન નવાવાડજ નિર્ણયનગર ડી.પી. સ્કુલ પાસે જલીયાણ ટ્રેડર્સ નામની પોતાની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી તેલના ડબ્બા અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એન સુથાર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૯/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** કુશ ભરતભાઇ ઠક્કર (રહે. ઓરમ સ્કાય સાયન્સ સીટી રોડ સોલા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૦/૧૭ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે એસ. હાઇવે ગોતા અગ્રવાલ મોલની બાજુમા આવેલ ડેનીસ કોફી બાર આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી પચ્ચીસ વર્ષના આશરાનો પુરૂષ કારમાંથી બેગની ચોરી કરી લઈ ગયો હતો. બેગમાં જરૂરી કાગળો અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૦/૧૭**

**કાલુપુરઃ** ગીતાબહેન વા/ઓ અમરતભાઇ મિસ્ત્રી (રહે. કેશરવિલા ફ્લેટ ચેનપુર બસ સ્ટેન્ડ પાસે સાબરમતી) તા.૨૦/૧૦/૧૭ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે કાલુપુર બ્રીજશાક માર્કેટમા જવાના કટ નજીકથી ગીતાબહેન તેમના પતિ સાથે મોટર સાયકલ પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો ગીતાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગીતાબહેન મિસ્ત્રીએ કાલુપુરપોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ કાલુપુરબહાર ચોકી ઈન્ચાર્જ ચલાવે છે.

**નરોડાઃ** લતાબેન વા/ઓફ ગૌતમભાઇ દંતાણી (ઉ.વ.૩૫) (રહે. બ્લોક-૨ ત્રીજો માળ ઈવીએસ-૪ ડી-માર્ટની બાજુમા નિકોલ) તા.૨૦/૧૦/૧૭ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે રત્નદીપ સોસાયટીમાં રસ્તા વચ્ચેના ભાગેથી લતાબહેન તેમના પતિ સાથે એક્ટીવા પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો લતાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૧,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લતાબહેન દંતાણીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૧૩૧/૧૭**

**સરખેજઃ** ચંદુભાઈ ભીમાભાઈ વાઘેલા (ઉ.વ.૪૦) (રહે.ગામ-માનગઢ નવો હરિજનવાસ તા-ગારીયાધાર જી-ભાવનગર) એ તા.૨૦/૧૦/૧૭ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૦/૧૭ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે સરખેજ એસ,જી.હાઈવે એક્તા હોટલ સામેથી ચંદુભાઈ વાઘેલાના પિતા ભીમાભાઈ નાનજીભાઈ (ઉ.વ.૭૦) રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ભીમાભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૦/૧૦/૧૭ કલાક ૦૦/૫૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ સરખેજ ચોકીના ઈન્ચાર્જ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.